**અમદાવાદના મહે. કામદાર વળતર ધારાના કમિશ્નરશ્રી એમ.બી.ભાવસાર સાહેબ સમક્ષ, મુ. અમદાવાદ**

ડિસ્ટ્રીબ્યુશન અરજી નં.૧૩/૨૦૨૬
આંક-૧૫

**અરજદાર :-** **(૧)ચંન્દ્રીકાબેન ભાઈલાલ પટેલ તે ગુજરનાર ભાઈલાલ કાન્તીલાલની વિધવા પત્ની ઉ.વ.૪૮**
**(૨)બ્રિજેશ ભાઈલાલભાઈ પટેલ તે ગુજરનાર ભાઈલાલભાઈ કાન્તીલાલના પુત્ર ઉ.વ.૨૮**
**(૩)અનિકેત ભાઈલાલભાઈ પટેલ તે ગુજરનાર ભાઈલાલભાઈ કાન્તીલાલના પુત્ર ઉ.વ.૨૬**
તમામ રહે.એન-૧, શિવકેદાર ફ્લેટ, ચાંદલોડિયા, દસક્રોઈ, ચાંદલોડિયા, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૮૧

**વિરુદ્ધ**

**સામાવાળા:** **(૧) સ્ટીફો સ્ટીલ્સ એલએલપી**
સર્વે નં.૩૧૧, તેજપુર રોડ વિ-ભાટ, સાણંદ, અમદાવાદ-૩૮૨૨૧૩
**(૨) ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યુરન્સ કં.લી.**
આર-૨૦૨,૨૦૩, ૨૦૪,૨૦૫, ૨ જો માળ, વીનસ સ્ટ્રાટમ નેહરુનગર પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫

અરજદાર તરફે :શ્રી એસ.એન.આદિવશ્વર
સામાવાળા નં.૧ તરફે : જાતે
સામાવાળા નં.૨ તરફે : ગેરહાજર

**-: જમા થયેલ વળતરની રકમ ફાળવવાનો હુકમ:-**

**૧.** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર ચંદ્રિકાબેન ભાઈલાલભાઈ પટેલ તે ગુજરનાર ભાઈલાલભાઈ કાન્તીલાલ પટેલના પત્નિ તથા અન્ય અરજદાર બ્રિજેશ ભાઈલાલભાઈ પટેલ તે ગુજરનાર ભાઈલાલભાઈ પટેલના મોટા પુત્ર તથા અનિકેતભાઈ ભાઈલાલભાઈ પટેલ તે ગુજરનારના નાના પુત્ર થાય છે. ગુજરનાર ભાઈલાલભાઈ કાન્તીલાલ પટેલ તે સામાવાળા સંસ્થા નં.૧ માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૦૩/૦૯/૨૦૨૫ તેમનો અકસ્માત થતાં, તેઓ અવસાન પામેલ છે. આ વખતે ગુજરનારનો છેલ્લો માસીક પગાર રૂા.૧૫,૦૦૦/- હતો. વધુમાં સામાવાળા નં.૧ સંસ્થા ધ્વારા તેઓની સંસ્થામાં ફરજ બજાવતાં કામદારોનો અકસ્માત વીમો ટાટા એ.આઈ.જી. જનરલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડમાં કામદાર વળતર ધારા હેઠળ વીમો ઉતરાવેલ છે. સામાવાળા નં.૧ મુખ્ય માલીક કંપની ધ્વારા કલેઈમ ફોર્મ વિમા કંપનીમાં જમા કરાવતા વીમા કંપની ધ્વારા કામદાર વળતર ધારાની કલમ-૪

હેઠળ ચુકવવાપાત્ર વળતરની રૂા.૧૧,૦૧,૫૦૦/– (અંકે રૂપિયા અગીયાર લાખ એક હજાર પાંચસો પુરા) વર્કમેન કમિશનરશ્રી, અમદાવાદ સમક્ષ તેમનો ચેકથી જમા કરાવતા સદરહુ ચેક આંક–૩ ના ચલણ નં.૨૪૫/૨૦૨૫–૨૦૨૬ અને તેમના ચેક નં.૫૭૨૯૨૬ તા.૧૩/૧૨/૨૦૨૫ થી વર્કમેન કમિશનશ્રી, અમદાવાદના પી.એલ.એ ખાતામાં જમા કરાવી સદરહુ જમા થયેલ વળતરની રકમ ઉપર વ્યાજની નુકશાની ન જાય તે હેતુસર ફિક્સ ડિપોઝીટ રસીદ નં.૨૭૮૭૭૫ થી રૂા.૧૧,૦૧,૫૦૦/– તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ યુકો બેંક, અમદાવાદ મુકામે મુકવામાં આવેલ છે અને જમા થયેલ રકમની વહેંચણીનું ફોર્મ સામાવાળાઓને મોકલી આપ્યાની આંક–૦૫ થી એકનોલોજમેન્ટ સ્લીપ રજૂ થયેલ છે.

**૨.** આ કામે અરજદારો તરકે આંક–૧ થી ડીસ્ટ્રીબ્યુશન ફોર્મ અને તેની સાથે પેઢીનામુ, પટેલ ચંદ્રિકાબેનના આધારકાર્ડની નકલ, પટેલ બ્રીજેશ ભાયલાલના આધારકાર્ડની નકલ, પટેલ અનિકેતના આધારકાર્ડની નકલ, ગુજરનારના ભાઇલાલભાઇ કાન્તીલાલ પટેલની માતા કાશીબાના મરણના પ્રમાણપત્રની નકલ, ગુજરનારના પિતા કાંતિલાલના મરણના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે અને આ કામે આંક–૨ થી રજુ પત્રથી ગુજરનાર ભાઇલાલભાઇ પટેલ અકસ્માત વળતરનાં કામે રકમ જમા કરાવવા ગુજરનારની આવક, ઉંમર અને કામદાર વળતર ધારા હેઠળ ગણતરી સાથે દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં કામદાર વળતર ધારા હેઠળ ફોર્મ–એ તથા ગુજરનારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ, કલેઇમ ફોર્મ, ગુજરનારના મરણ પ્રમાણ પત્રની નકલ, ગુજરનારની પી.એમ. નોટની નકલ, અકસ્માતની પહેલી ખબરની નકલ, મરણોત્તરના પંચનામાની નકલ, બનાવનું પંચનામું, પોલીસીની નકલ, ગુજરનારના હાજરી પત્રકની નકલ, રજીસ્ટર ઓફ વેજીસ ફોર ઓગષ્ટ–૨૦૨૫ની ઝેરોક્ષ નકલ, પોલીસી શેડયુલની નકલ તે અંગેના દસ્તાવેજો રજુ થયેલ છે.

**૩.** વધુમાં આ કામે આંક–૧૨ થી વધુ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે જેમાં માર્ક ૧૨/૧ થી અરજદારનં.૩નું સોગંદનામું તથા માર્ક ૧૨/૨ થી અરજદાર નં.૩ ના આધારકાર્ડની ઝેરોક્ષની નકલ રજૂ થયેલ છે

**૪.** આ કામે અત્રેની કોર્ટ તરફથી અરજદારોને જમા થયેલ રકમની વહેચણીનું ફોર્મ મોકલી આપવાનો પત્ર રજિસ્ટ્રાર મજૂર અદાલત,અમદાવાદ ધ્વારા લખવામાં આવેલ છે.

**૫.** આ કામે જમા રકમ અંગે પક્ષકારોને જાણ અર્થે કચેરી દ્વારા આંક-૬ થી નોટીસ ઈસ્યુ કરતા પક્ષકારોને આંક-૦૬ ની નોટીસ આંક-૧૦ અને ૧૧ ની એકનોલેજમેન્ટ સ્લીપ મુજબ ધારાસર બજવણી થયેલ છે. તેમજ આંક-૦૮ થી અરજદાર તરફે અધિકારપત્ર રજુ થયેલ છે. આ કામે સામાવાળા નં.૧ તરફે આંક-૧૩ થી ઓથોરીટી લેટર રજૂ થયેલ છે અને માર્ક ૧૩/૧ થી સામાવાળા નં.૧ વતી હાજર થનાર ચૌહાણ રજનીકાન્તની આધારકાર્ડની ઝેરોક્ષની નકલ રજૂ થયેલ છે અને ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે આંક-૧૪ થી રૂા.૧૧,૦૧,૫૦૦/- જમા કરાવેલ છે તે વારસદારોના યોગ્ય ચકાસણી કરી સદરહું રકમની વહેંચણી કરવામાં આવે તો કોઇ વાંધો નથી તેવું વાંધા પ્રમાણપત્ર રજૂ કરેલ છે. સામાવાળા નં. ૨ તરફે કોઇ હાજર થયેલ નથી. ત્યારબાદ અરજદાર તથા સામાવાળા ને સાંભળવામાં આવેલ છે.

**૬.** સદરહુ કામે ગુજરનારના વારસદારો આ કામે અરજદાર નં.૧ ચંદ્રિકાબેન તથા અરજદાર નં.ર બ્રિજેશ ભાઈલાલભાઈ પટેલે અને અરજદાર નં.૩ અનિકેત ભાઈલાલ પટેલે આ કામે આંક-૦૭,આંક-૦૯ અને આંક-૧૨/૧ થી જમા રકમ ચુકવી આપવા માટે સોગંદનામાં રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ સામાવાળાએ જમા કરાવેલ રકમ તેમને ચુકવી આપવા અરજ કરેલ છે. પરંતુ, અરજદારોએ રજૂ કરેલ સોગંદનામાની હકીકત અને દસ્તાવેજી પુરાવાથી ફલીત થાય છે કે, અરજદાર નં.ર અને ૩ તે ગુજરનારના પુખ્ત ઉંમરનાને સ્વતંત્ર રીતે કમાણી કરતા હોય તેથી અરજદાર નં.ર, ૩ નો અત્રીની વ્યાખ્યામાં સમાવેશ થતો નથી તેવા સંજોગોમાં અરજદાર નં.૧ આશ્રીત રહે છે.

**૭.** આ કામે અરજદારો તરફે રજુ થયેલ તેઓનાં આંક-૭,આંક-૯ અને આંક-૧૨/૧ના સોગંદનામાંની હકિકતો લક્ષમા લેતા, તેમાં અરજદાર નં.૧ તરફે રજૂ આંક-૭ના સોગંદનામામાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા નં.ર નાએ ઈન્સ્યોરન્સ કંપનીએ અકસ્માત વળતરની રકમ નામદાર કોર્ટમાં જમા કરાવેલ છે તે રકમ મેળવવા અરજી કરેલ છે અને આંક-૯ના

સોગંદનામામાં અરજદાર નં.ર એ એવી હકીકત જણાવેલ છે કે, તેમના પિતાશ્રીનું ચાલુ નોકરીએ અવસાન થતા સામાવાળાએ ૧૧,૦૧,૫૦૦/- નામદાર સમક્ષ જમા કરાવેલ છે. સદરહું વળતર ચુકવી આપવા અરજ કરેલ છે અને અરજદાર નં.૩ તરફે રજૂ આંક-૧૧ના સોગંદનામામાં જણાવેલ છે કે, તેમના પિતાશ્રીનું ચાલુ નોકરીએ અવસાન થતાં સામાવાળા સંસ્થાએ રૂપિયા ૧૧,૦૧,૫૦૦/- નામદાર કોર્ટ સમક્ષ ડીસ્ટ્રીબ્યુશન માટે જમા કરાવેલ છે અને ડીસ્ટ્રીબ્યુશનના કાર્યવાહી માટે અગાઉથી સહી સિકકો કરી આપેલ છે અને અનિવાર્ય સંજોગોમાં વર્કપર્મીટ માટે યુ.એસ.એ. આવવાનું થયેલ છે તેઓ હાલમાં યુ.એસ.એ.માં રહે છે તેવું જાહેર કરેલ છે અને ડીસ્ટ્રીબ્યુશન મુજબના પૈસા લેવા માટે આ સોગંદનામું કરવાની ફરજ પડેલ છે જે સોગંદનામું યુ.એસ.એ. ખાતેથી કરીને મોકલેલ છે તે ગ્રાહય રાખવા અરજ કરેલ છે.

૮. વધુમાં ગુજરનાર અવસાન બદલ સામાવાળા સંસ્થાએ ચેક નં.૫૭૨૯૨૬, તા.૧૩/૧૨/૨૦૨૫ થી અનુક્રમે રૂ.૧૧,૦૧,૫૦૦/- (અંકે રૂપિયા અગિયાર લાખ એક હજાર પાંચસો પુરા) જમા કરાવેલ છે. જે ચેકની રકમ અત્રે પી.એલ.એ.ખાતે જમા લીધેલ છે. વધુમાં સદરહુ જમા થયેલ રકમ ઉપર વ્યાજની નુકશાની ન જાય તે હેતુસર સદરહુ રકમ રસીદ નં. ૨૭૮૭૭૫ થી તા.૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ યુકો બેન્ક, લાલદરવાજા શાખા, અમદાવાદ ખાતે ફીકસ ડીપોઝીટમાં મુકવામાં આવેલ છે. સબબ, સદર જમા રકમની ફાળવણી અંગે ન્યાયિક નિર્ણય અર્થે નામદાર ગુજરાત હાઈકોર્ટના સીવીલ અપીલ નં.૧૧૭૦૬/૨૦૦૬ થી ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપની વિરુધ્ધ નરસિંહ બી.સોલંકી ના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે, તે પ્રમાણે કામદાર વળતર ધારાના કેસમાં કામદાર વળતર ધારાના કમિશનરે જમા થયેલ રકમની ફાળવણી કઈ રીતે કરવી તે અંગે જરૂરી સુચનાઓ આપેલ છે.તે ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અને આપવામાં આવેલ આદેશ તથા સુચનાઓનું પાલન કરી તે મુજબ આ કેસમાં જમા થયેલ રકમની વહેંચણી કરવાનો હુકમ કરવો મને ન્યાયી અને વ્યાજબી જણાય છે. નામ. ગુજરાત હાઈકોર્ટે તેમના આ ચુકાદામાં વળતરની રકમની ફાળવણી અંગે આપેલ સુચનાઓ ધ્યાને રાખી, આ કામે અરજદારની ઉંમર તથા સામાજીક અને

આર્થિક પરિસ્થિતી ધ્યાને રાખી, ન્યાયના હિતમાં નીચે મુજબ વહેંચણી કરવાનો હુકમ કરવામાં આવે છે.

| **ક્રમ** | **અરજદાર/વારસા/આશ્રિતનું નામ તથા ગુજરનાર સાથે સંબંધ** | **કુલ ફાળવેલ રકમ રૂ.** | **એકાઉન્ટ પેયી ચેકથી ચુકવવાની રકમ રૂ.** | **એફ.ડી.માં મુકવાની થતી રકમ રૂ.** | **મુદ્દત** |
|---|---|---|---|---|---|
| ૧. | ચંન્દ્રીકાબેન ભાઈલાલ પટેલ (ગુજરનારના પત્નિ ) | રૂ.૧૧,૦૧,૫૦૦/– | રૂ.૧,૬૫,૨૦૦/– | રૂ.૯,૩૬,૩૦૦/– | ૫ વર્ષ |
| | કુલ. | રૂ.૧૧,૦૧,૫૦૦/– | રૂ.૧,૬૫,૨૦૦/– | રૂ.૯,૩૬,૩૦૦/– | |

## –:: શરતો ::–

(૧) અરજદારોને રોકડમાં ચૂકવવાના થતાં નાણાં એકાઉન્ટ પેઈ ચેકથી ઓળખના પુરાવા લઈ ચૂકવવાવાનું ઠરાવવામાં આવે છે તથા જમા રકમની એફ.ડી.ની રકમનું જે વ્યાજ હોય તે અરજદાર નં.૧ ને એકાઉન્ટ પેઈ ચેક/આર.ટી.જી.એસ.થી ચૂકવી આપવું તેમજ અરજદારોની ફિક્સ ડિપોઝીટમાં મુકવાની રકમ અરજદાર તથા કમિશ્નરશ્રી, વર્કમેન કોમ્પેનસેશનના સંયુક્ત નામે રાષ્ટ્રીયકુત બેંકમાં ઉપર જણાવેલ સમયગાળા માટે મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અરજદાર નં.૧ ને તેની ફિક્સ ડીપોઝીટ પરનું માસિક/ત્રીમાસિક નિયમોનુસારનું વ્યાજ તેઓના ખાતામાં જમા આપવું.

(૩) બેંકને આથી આદેશ કરવામાં આવે છે કે, બેંકે ફિક્સ ડિપોઝિટ પાક્યા પહેલાં તેમજ કોર્ટની પરવાનગી વિના સદર ફિક્સ ડિપોઝિટ ઉપર કોઈપણ એડવાન્સીસ કે લોન આપવી નહી.

(૫) બેંકે આ કામની એફ.ડી.ની અસલ પાવતી રજુ કરવી તથા રોકડ ચૂકવ્યા અંગેની જાણ દિન–૧૦માં અત્રેની કોર્ટમાં કરવી.
સંબંધિત બેંક તરફ યાદી કરવી.

હુકમ આજરોજ તા.૨૨ મી, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ સહી કરી જાહેર કર્યો.

તારીખ:૨૨/૦૬/૨૦૨૬
સ્થળ: અમદાવાદ.

**(મૃગેશ બીપીનભાઈ ભાવસાર)**
કોડ :જીજે૦૦૯૬૮
કમિશ્નર,
એકસ ઓફિસીયો કમિશ્નર એમ્પ્લોઈઝ
કોમ્પેનસેશન એકટ,
લેબર કોર્ટ નં.૧, અમદાવાદ.

V. M. SOLANKI (P.A)